અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાની ભેમાપુરમાં ભાજપાની જીત

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લામાં તાજેતરમાં તાલુકા પંચાયતમાં પેટાચૂંટણી યોજાઈ હતી. જેમાં મેઘરજ તાલુકાની ભેમાપુર સીટ પર બી.જે.પી.ના ઉમેદવારની જીત થતાં અરવલ્લી બી.જે.પી. કાર્યાલય પર દારૂખાનું ફોડી મોં મીઠું કરાવી જીતની ખુશી વ્યક્ત કરી હતી.

અરવલ્લી જિલ્લાના વડામથક એવા મોડાસા શહેરમાં બી.જે.પી. કાર્યાલયે આતશબાજી અને મીઠાઈઓ ખવડાવી બી.જે.પી.ના કાર્યકરો ખુશી વ્યક્ત કરતા નજરે પડ્યા હતા. જેનું કારણ એ છે કે મેઘરજ તાલુકાના ભેમાપુર તાલુકા પંચાયતની સીટ ખાલી પડેલ હતી.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

આ અંગે ભાજપા શહેર પ્રમુખ ધીરુભાઈ પ્રજાપતિ જણાવે છે કે, નવરચિત અરવલ્લી જિલ્લો રચાયા બાદ ચાર વખત પેટાચૂંટણી આવી. જે ચારે વખતની પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવારોએ ભવ્ય વિજય હાંસલ કર્યો છે તે માત્ર ને માત્ર અરવલ્લી જિલ્લાના પ્રમુખ ભરતસિંહ રહેવર અને તેમની જિલ્લા ભાજપ કાર્યાલયની ટીમને ફાળે જાય છે અને આ ચારે જીત જિલ્લા સંગઠન અને તાલુકા સંગઠનની જીત ગણીએ તો ખોટું ન કહેવાય.

ભાજપને શેરીમાં ખુશીની લહેર પ્રસરી ગઈ હતી.

જેમાં બીજેપીના ઉમેદવાર રાજેશભાઈ કટારા ૫૧૨ મતે જંગી બહુમતીથી વિજય થતા ભાજપને શેરીમાં ખુશીની લહેર પ્રસરી ગઈ હતી.

હરસોલ સબમાર્કેટ યાર્ડ પાસે બે બાઈક સામ-સામે અથડાતા એકનું મોત

તલોદ, તા. ૧૪

તલોદના હરસોલ-તલોદ માર્ગ પર સબ માર્કેટયાર્ડ પાસે બે બાઈક સામ-સામે અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં ઘટનાસ્થળે જ એક યુવાનનું કમકમાટીભર્યુ કરૂણ મોત નિપજ્યું હતું.

તલોદ નજીકના રોઝડ ગામના ૩૫ વર્ષીય રણજીતસિંહ ઝાલા પોતાના બાઈક નં. જીજે-૯-સી.એચ.૬૧૮૧ પર તલોદ તરફ આવી રહ્યા હતા જ્યારે ૧૭ વર્ષીય તરૂણ વિષ્ણુભાઈ પટેલ બાઈક નં. જીજે૯-સીએલ-૪૨૭૬ ઉપર પડુસણ તરફ જઈ રહ્યા હતા. દરમિયાન હરસોલ-તલોદ માર્ગ પર સબયાર્ડ માર્કેટયાર્ડ પાસે બન્ને બાઈક સામસામે ધડાકાભેર અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત રણજીતસિંહ ઝાલાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય બાઈક સવાર તરૂણને લોહીલુહાણ હાલતમાં સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ગોઢા ગામે પ્રેમનો કરૂણ અંજામ : યુવક અને યુવતીએ કરી આત્મહત્યા

ડીસા, તા. ૧૪

એક અંદાજ મુજબ દેશમાં દર કલાકે ૧૬ જેટલા લોકો હતાશા, નિરાશા, નિષ્ફળતા, બિમારીના કારણે કે માનસિક તણાવના કારણે આત્મહત્યા કરી, પોતાનું જીવન ટૂંકાવી દે છે. વિશ્વની વાત કરીએ તો વિશ્વમાં દર ૪૦મી સેકન્ડે એક આત્મહત્યા થઈ રહી છે ત્યારે બનાસકાંઠાનાં ડીસા નજીકનાં ગોઢા ગામે બે યુવાન વયના યુવક અને યુવતીએ, પ્રેમાસક્ત બની સમાજ નહીં સ્વીકારે તેવી માનસિક્તા એ ધસમસતી ટ્રેન નીચે પડતું મૂકી આત્મહત્યા કરી જીવન ટૂંકાવતા ચકચાર મચેલ છે.

બનાસકાંઠાના ડીસાથી થરાદ જતા રોડ પર આવેલા ગોઢા ગામે રેલવે નીચે બે યુવા વયના યુવક અને યુવતીએ મોડી રાત્રે ધસમસતી ટ્રેન નીચે પડતું મૂકી પોતાનું જીવન ટૂંકાવ્યું હતું. મોડી રાત્રે ઘટેલી આ દર્દનાક ઘટનાની વહેલી સવારે રેલવે વિભાગનાં ગેટમેનને જાણ થતા તેને ભીલડી પોલીસને જાણ કરી હતી અને તે બાદ ઘટના સ્થળે પહોંચેલી ભીલડી પોલીસે બન્ને મૃતક યુવક અને યુવતીના મૃતદેહનો કબજો સંભાળી તપાસ હાથ ધરી હતી. જેમ પોલીસની પ્રાથમિક તપાસમાં આ બન્ને યુવક અને યુવતી રેલવે ટ્રેક નજીકનાં ચિત્રોડા ગામનાં રહીશ હતા. જેમાં મૃતક યુવક નરસિંહજી વીરચંદજી ઠાકોર (ઉંમર વર્ષ ૨૨) અને મૃતક યુવતી પવનબેન જોરાજી ઠાકોર હોવાનું બહાર આવેલ છે. આ બન્ને ચિત્રોડા ગામે નજીકમાં જ રહેતા હતા. જોકે ગત રાત્રીએ બન્ને પોતપોતાના ઘેરથી નીકળી ગયા હતા અને કોઈ અગમ્ય કારણોસરનાં ડીપ્રેસનમાં આવી જઈ સાથે જીવન જીવવાની લાલસા ગુમાવતા એક દુજે કે લીએ ફિલ્મની કહાની જેમ ગોઢા ગામની રેલવે ટ્રેક પર પહોંચ્યા હતા અને તે બાદ સામેથી આવતી ધસમસતી ટ્રેન નીચે પડતું મૂકી મોતને વહાલું કર્યું હતું. આ મામલે રેલવે ગેટમેનને સવારે જામ થતા આ ઘટના બહાર આવી હતી. આ મામલે ભીલડી પોલીસે બન્નેના મૃતદેહનો કબજો સંભાળી અકસ્માતે મોતની ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરેલ છે. જોકે એક જ ગામના બેયુવા વયના યુવક અને યુવતીનાં મોતથી ચિત્રોડા ગામમાં ઘેરા શોકની લાગણી છવાઈ છે.

(તસવીર : વિરેન્દ્ર કપુર, ડીસા)

બનાસકાંઠામાં તાલુકા પંચાયતની પેટાચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાયો

છ પૈકી ચાર સીટો ભાજપે કોંગ્રેસ પાસેથી આંચકી લીધી

પાલનપુર, તા. ૧૪

બનાસકાંઠા જિલ્લામાં દાંતા તાલુકા પંચાયતની પાંચ અને ધાનેરા તાલુકા પંચાયતની એક મળી કુલ છ સીટોની પેટાચૂંટણી તાજેતરમાં યોજાઈ હતી. જેમાં આજરોજ જાહેર થયેલ પરીણામો મુજબ દાંતાની ત્રણ અને ધાનેરાની એક એમ ચાર સીટો પર ભાજપે કબજો જમાવ્યો છે.

જિલ્લા ભાજપ મહામંત્રી તેમજ આ પેટાચૂંટણીના ઈન્ચાર્જ હિતેશભાઈ ચૌધરીના જણાવ્યાનુસાર દાંતા તાલુકા પંચાયતની ખાલી પડેલી દલપુરા, પૂંજપુર, રંગપુર, નવોવાસ અને કુંભારીયા બેઠકો પર યોજાયેલી ચૂંટણીમાં દલપુરા, પૂંજપુર અને રંગપુરની બેઠકો જંગી લીડથી ભાજપે જીતીને આ તમામ બેઠકો કોંગ્રેસ પાસેથી આંચકી લીધી હતી. જ્યારે કુંભારીયા સીટ પર માત્ર ૮૦ વોટથી ભાજપના ઉમેદવારનો પરાજય થયો હતો. આ ચૂંટણીમાં ભાજપે કોંગ્રેસ પાસેથી ત્રણ બેઠકો કબજે કરતાં તાલુકા પંચાયતમાં ભાજપની સ્થિતિ વધુ મજબુત થઈ છે.

ધાનેરા તાલુકા પંચાયતની ધરણોધર બેઠક વર્ષોથી પરંપરાગત રીતે કોંગ્રેસની બેઠક હતી. આ સીટ પર ભૂતકાળમાં ભાજપ ક્યારેય જીત્યું નહોતું ત્યારે ઈતિહાસમાં પ્રથમવાર ભાજપે આ બેઠક પર વિજય મેળવ્યો છે. આમ બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા પ્રમુખ કેશાજી ચૌહાણના નેતૃત્વમાં યોજાયેલ તાલુકા પંચાયતોની છ બેઠકો પૈકી ચાર બેઠકો પર ભાજપનો વિજય થતાં જિલ્લાના કાર્યકરોમાં હર્ષની લાગણી ફેલાઈ છે. ઉલ્લેખનીય છે કે આ છ બેઠકો અગાઉ કોંગ્રેસ પાસે હતી.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

જયહિંદ સ્વીટ્સ કારખાનાથી બુંદી લાડુના સેમ્પલ લેવાયા

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગની પાંચ ટીમે જુદા જુદા વિસ્તારોની મીઠાઈ-ફરસાણાની દુકાનો પર તવાઈ હાથ ધરવામાં આવી છે. જો કે દિવાળીનો તહેવાર પણ નજીકના સમયમાં આવતો હોવાથી તહેવારોના પગલે વેપારીઓ દ્વારા મીઠાઈ અને ફરસાણામાં થતી અખાદ્ય પદાર્થોની ભેળસેળ અટકાવવા કોર્પોરેશનનું હેલ્થ વિભાગ હરકતમાં આવ્યું છે. છેલ્લા બે માસ દરમિયાન ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ ૨૭૯ જેટલા જુદા-જુદા ખાદ્ય પદાર્થો લેવામાં આવ્યા છે. જેમાંથી ખાદ્ય તેલના ૪૭ તેમજ દૂધની બનાવટોના ૩૭ સેમ્પલ લેવામાં આવ્યા છે. ૧૯ જેટલા નમુનાઓ અપ્રમાણિત જાહેર કર્યા છે તેમજ ૭૫ જેટલા નમૂનાઓ મીસબ્રાન્ડેડ હોવાનું જાણવા મળ્યું છે.

મેશ્વો નદીનો પુલ શરૂ થતા વડાગામના ક્વોરી ઉદ્યોગો ધમધમી ઉઠ્યા

ધનસુરા નજીકના વડાગામ ક્વોરી ઉદ્યોગના વેપારી માટે દિવાળી પૂર્વે આનંદ છવાયો છે. છેલ્લા ઘણા સમયથી મંદ પડેલા ક્વોરી ઉદ્યોગમાં પ્રાણ ફૂકાતા ક્વોરી ઉદ્યોગ ધમધમી ઉઠ્યો છે. ધનસુરા નજીકના વડાગામની આસપાસ અંદાજે ૧૦૦ થી વધુ જેટલા ક્વોરી યુનિટો આવેલા છે. આ તમામ ક્વોરી યુનિટો મેશ્વો નદી પરના તુટેલા પુલની પરેશાનીને લઈ છેલ્લા ઘણા સમયથી ઠપ થઈ ગયા હતા અને ક્વોરી ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોના લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. ત્યારે તાજેતરમાં મેશ્વો નદી પરના તાજપુરના તુટેલા પુલનું ફરી નિર્માણ કાર્ય થતા આજથી આ પુલ શરૂ કરવામાં આવ્યો છે. પરિણામે છેલ્લા ઘણા સમયથી ઠપ ક્વોરી ઉદ્યોગમાં નવો જીવ આવ્યો છે. આથી વેપારીઓમાં આનંદ છવાયો છે. દિવાળી પહેલા ક્વોરી ઉદ્યોગમાં તેજીનો માહોલ સર્જાય તેવી વેપારીઓને આશા બંધાઈ છે. (તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

પ્રાંતિજમાં નગરપાલિકાના સફાઈ કામદારો ૨૧ દિવસથી હડતાળ પર

પ્રાંતિજ, તા. ૧૪

પ્રાંતિજ ખાતે નગરપાલિકાના સફાઈ કામદારો છેલ્લા ૨૧ દિવસથી કામથી દૂર રહેતા શહેરભરમાં ઠેર ઠેર ઘન કચરાના ઢગલે ઢગલા ખડકાયા છે અને માથુ ફાટી જાય તેવી ગંધને લીધે રહીશો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. નગરપાલિકા તંત્ર અને કામદારોના ઝઘડામાં વગર કામના રહીશો પીસાઈ રહ્યા છે. પ્રાંતિજ નગરપાલિકા દ્વારા સફાઈ કામદારો તથા કર્મચારીઓ સાથે અન્યાય થતા ગત ૨૪મી સપ્ટેમ્બર-૨૦૧૪ થી આરોગ્ય વિભાગના સફાઈ કામદારો દ્વારા કામથી દૂર રહી હડતાળ ઉપર ઉતરી ગયા હતા. નગરપાલિકા સત્તાધિશો અને પાલિકા પ્રમુખ સાથે પહેલા દિવસે વાર્તા પછી કોઈ નિકાલ નહી આવતા ૪૮ જેટલા સફાઈ કામદારો પાલિકાતંત્રના સત્તાધિશો સામે તંબુ તાણી પલાઠી વાળીને બેસી ગયા છે અને પાલિકા વિરૂદ્ધ સૂત્રોચ્ચાર અને દેખાવો કરી રહ્યા છે. જ્યારે નગરમાં છેલ્લા દિવસથી સફાઈ ન થતા ઠેર ઠેર ઘન કચરાના ઢગલા થઈ રહ્યા છે. અને સફાઈની સેવાઓ ક્યાં સુધી બંધ રહેશે તે બાબતે નગરજનો ચિંતિત બન્યા છે. તહેવારોમાં જ ગંદકીને લીધે બિમારીના ઘર પેદા થશે તેવી ભીતિ પણ સેવાઈ રહી છે.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસાની રત્નદીપ સોસાયટીના રહીશોએ ગેરકાયદેસર દબાણ મામલે આવેદનપત્ર આપ્યુ

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં સ્થિત રત્નદીપ કો.ઓ. સોસાયટીની માલિકીની ખુલ્લી જમીનમાં કેટલાક અજાણ્યા શખ્સો દ્વારા ખુલ્લેઆમ બેરોકટોક ગેરકાયદેસર દબાણ થઈ રહ્યું છે. જેને લઈ સોસાયટીના રહિશોએ આજે કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. મોડાસા શહેરના માલપુર માર્ગ પર રત્નદીપ સોસાયટીની માલિકીની ખુલ્લી જમીન સોસાયટીની આગળ જ આવેલી છે. જ્યાં આ જમીન પર મોટા પાયે બિન્દાસપણે પકોડી, કપડાના ઢગલા, ફૂટના વેચાણ, દાબેલી વગેરેની લારીઓવાળા નાના-મોટા પરપ્રાંતિય વેપારીઓએ અડીંગો જમાવી દીધો છે. આથી દરરોજ સોસાયટી આસપાસ વિસ્તારમાં અસામાજિક આવી મોડી રાત સુધી ગપાટા મારવા બેસી રહે છે. બીજી તરફ ખાણી-પીણીની લારીઓના વેપારીઓ દ્વારા ગંદકી કરતા રહિશો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. આને પરિણામે આજે સોસાયટીના રહિશોએ સોસાયટી આગળના લારી-ગલ્લા હટાવવા માટે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી તુરંત કાર્યવાહી કરવા માંગ કરી રહ્યા છે.

પ્રાંતિજમાં કેન્સર ગીતા પુસ્તકનું વિમોચન

પ્રાંતિજ ખાતે 'કેન્સર ગીતા' નામના પુસ્તકનું વિમોચન કાર્યક્રમ પ્રો. રશીક પરમાર અને ડૉ. કાન્તીભાઈ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું. કોલેજના અધ્યાપક રશીકભાઈએ હાડકાના કેન્સરને યોગ દ્વારા મટાડી શકાય છે. વ્યક્તિગત અનુભવ કરી કેન્સર મટાડી કેન્સર ગીતા નામનું પુસ્તક લખી પ્રકાશિત કરી લોકજાગૃતિનું કાર્ય કર્યું છે. સીત્યોત્તેર વર્ષના શાળા સંચાલક વૃદ્ધ પણ બ્લડ કેન્સર તેમજ કસરત તેમજ હૃદયની બિમારી દવા, કસરત યોગ અને સતત શ્રમ કરી ભયંકર બિમારીમાંથી બહાર આવતા કેન્સર હૃદયની બિમારી મક્કમ મન, યોગ, શ્રમથી દૂર કરી શકાય છે. તેનો સંદેશો ધાર્મિકતા સાથે આપતા પ્રાંતિજના કેટલાય કેન્સર હૃદયના દર્દીઓ રાહત અનુભવી રહ્યા છે. ૭૭ વર્ષીય સી.કે. પટેલ યુવાનને પણ પાછા પાડે એવો શ્રમ કસરત તથા ચાલવાનું છેલ્લા કેટલાય વર્ષોથી કરી રોગ ભગાડે યોગનો સંદેશો આપી રહ્યા છે.

ઉત્તર ગુજરાત આગામી સમયમાં ગોલ્ડન કોરીડોર તરીકે ઓળખાશે

મહેસાણા જિલ્લાના મેવડ ખાતે રાજ્યની પ્રથમ પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળની અંદાજીત ૬૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ એન્જીનીયરીંગ કોલેજ ગુજરાત પાવર રીસર્ચ અને એજ્યુકેશન ઈન્સ્ટીટ્યુટનું લોકાર્પણ મંત્રીશ્રીઓના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાજ્યની છ એન્જીનીયરીંગ કોલેજો અને મે. સીમેન્સ ઈન્ડસ્ટ્રીઝ સોફ્ટવેર જોડે સેન્ટર ઓફ એક્સલેન્સ સ્થાપિત કરવા માટેના સમજુતી કરાર કરવામાં આવ્યા હતા. નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે સેન્ટર ઓફ એક્સલન્સ થકી ઈન્ડસ્ટ્રીઝ, ઓટો ઈન્ડસ્ટ્રીઝ, એરો સ્પેસ, ડીફેન્સ ઈન્ડસ્ટ્રીઝ તથા શીપ બિલ્ડીંગ વગેરે ક્ષેત્રેને લગતી તકનીકી તાલીમ અને જુદા જુદા પ્રમાણપત્ર અભ્યાસક્રમની શરૂઆત કરવામાં આવશે. આ સેન્ટર ઓફ એક્સલન્સ દ્વારા સ્ટુડન્ડ પ્રોફાઈલ એસસમેન્ટ એન્ડ સર્ટીફીકેશન કોર્સની કાર્યવાહી કરવામાં આવશે. આગામી ત્રણ વર્ષમાં ૬૯.૦૦૦ તાલીમબદ્ધ રોજગારી આપવાનો અંદાજ છે. ઉત્તર ગુજરાતની વિવિધ કોલેજોમાં ખાસ કરીને ઈજનેરી ડિપ્લોમાં, આઈ.ટી.આઈ.માં ભણતાં વિદ્યાર્થીઓને અદ્યતન ટેકનોલોજી શીખવાનો લાભ મળશે તેમજ રોજગારી મળશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL Radhe TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય

ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...

(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE JKTYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦